NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

Azadi Ka Amrit Mahotsav

G20

## પરિપત્ર

**URP software ના ડિપોઝિટ મેનેજમેન્ટ મોડ્યુલના અમલીકરણ બાબત.**

આથી યુનિવર્સિટીની તમામ કચેરીનાં વડાશ્રીઓ તેમજ નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની વિવિધ કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતા જુદા-જુદા પ્રકારનાં બાંધકામ તેમજ અન્ય કામો, ખરીદીઓ તેમજ હરાજીઓમાં ઠેકેદાર/ પાર્ટીઓ પાસેથી વિવિધ પ્રકારની ડિપોઝીટો લેવામાં આવે છે. જે ડિપોઝીટો ખરીદ પ્રક્રિયામાં નક્કી કરવામાં આવેલ બોલીઓ અને શરતો તેમજ સરકારશ્રી/યુનિવર્સિટીનાં નિતિ નિયમો મુજબ નક્કી થયેલ સમયમર્યાદામાં સ્ટેચ્યુટની જોગવાઈઓને આધીન પરત કરવા સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવી જે તે ઠેકેદાર/પાર્ટીને પરત કરવાની રહે છે. **આ તમામ કામગીરીના સૂચારુ વ્યવસ્થાપન અને ડિપોઝિટો છૂટી કરવાની પ્રક્રિયા ઝડપથી થઈ શકે તે માટે** અત્રેની કચેરીએથી ડિપોઝિટ મેનેજમેન્ટ મોડ્યુલ બનાવવામાં આવેલ છે. આ મોડયુલનું inauguration માન. કુલપતિશ્રી દ્વારા તા. ૨૭.૧૨.૨૦૨૪ના રોજ મળેલી રજીમી નાણાં સમિતિમાં કરવામાં આવેલ છે. **જેની અમલવારી અત્રેની યુનિવર્સિટીમાં તા.૧૫.૦૧.૨૦૨૫ થી કરવાની થાય છે.** ગુજરાત રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ (સત્તા સોંપણી) નિયમો ૨૦૧૧ ના **સ્ટે.નં.** S.121 થી એનાયત થયેલ સત્તા અન્વયે ડિપોઝિટો છૂટી કરવા સક્ષમ કક્ષાએથી જે પણ મંજૂરી મેળવવાની થાય તે **તા.૧૫.૦૧.૨૦૨૫ થી** ફક્તને ફક્ત URP software ના **ડિપોઝિટ મેનેજમેન્ટ મોડ્યુલ** દ્વારા મેળવવાની રહેશે. મંજૂરી મળ્યા બાદ Online System Management માંથી Generate થયેલ Report ડિપોઝિટ બીલ સાથે અવશ્ય રજૂ કરવાનો રહેશે. જો બીલ સાથે Online system માં Generate થયેલ Report સામેલ કરેલ ન હશે તો ડિપોઝિટના ચૂકવણાંકરવા અંગેનું બીલ પાસ કરી આપવામાં આવશે નહીં. જેની નોંધ લેવા વિનંતી.

વધુમાં, ઉપરોક્ત કામગીરી અંગેની વિસ્તૃત તાલીમનું આયોજન અત્રેની કચેરી દ્વારા કરવામાં આવશે. તાલીમનું આયોજન થાય તે પહેલા જે તે કચેરીના સદર કામગીરી સંબંધિત કર્મચારીના SSO Login ઉપર Rights મેળવવાની કાર્યવાહી અત્રેની કચેરીના સંપર્કમાં રહી પૂરી કરી લેવાની રહેશે તેમજ સદર તાલીમનું આયોજન થાય તે પહેલા કોઈ ડિપોઝિટ તાત્કાલિક ખાસ કિસ્સામાં છૂટી કરવાની થતી હોય તો અત્રેની કચેરીનો રૂબરૂ/ટેલિફોનિક સંપર્ક કરી સઘળી Online કાર્યવાહી પુર્ણ કરાવી લેવાની રહેશે.

**નોંધ:–** ઠેકેદાર/પાર્ટીઓ પાસેથી લિક્વિડ ફંડ સ્વરૂપે જમા ન કરાવી હોય તેવી(**FDR, PBG, e-PBG** વિગેરે) ડિપોઝીટો છૂટી કરવા માટે સક્ષમ કક્ષાએ લેવાની થતી મંજૂરી અર્થે પણ સદર મોડયુલમાં Online પ્રક્રિયા કરવાની રહેશે.

**જા.નં.નકૃયુ/હિનિ/વહટ/૩૨૦/૨૦૨૪**
**તા.૧૩/૦૧/૨૦૨૫**

(સહી)
**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના:–**

(૧) આ યુનિવર્સિટીના યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારુ.
(૨) આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ સારુ.
(૩) આ યુનિવર્સિટીના તમામ નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલવારી થવા સારુ.

**નકલ રવાના:–**

વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી , નવસારી તરફ જાણ તથા અમલવારી થવા સારુ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.